स्पोर्ट्स ઓથોરીટી ઓફ ગુજરાત
જિલ્લા રમત ગમત અધિકારી,
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા રમત સંકુલ, વાઘોડીયા રોડ, વડોદરા.
E-mail:- dsocity-syed-vad@gujarat.gov.in

ક્રમાંક/જિ.ર.ગ.અ/૫૧૭ થી ૭૨૬/૨૦૨૪-૨૫ તા.૦૯/૦૪/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

વડોદરા શહેર/ ગ્રામ્ય.

વિષય:- સુબ્રટો મુકરજી ફૂટબોલ સ્પર્ધા-૨૦૨૪-૨૫માં ભાગ લેવા બાબત.

સંદર્ભ:- ૧. સુબ્રટો મુકરજી સ્પોર્ટસ એજ્યુકેશન સોસાયટીના તા. ૦૬/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક- SMC/૧૦૧/૨૦૨૪

૨. એસ.એ.જી.ગાંધીનગરના પત્ર ક્રમાંક- એસએજી/સ્પર્ધા/૨૦૨૩-૨૪ તા.૨૧/૦૩/૨૦૨૪ અન્વયે

ઉપરોક્ત વિષય અને સદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલાડીઓ માટે જુદી જુદી યોજના તેમજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૬૩મી સુબ્રટો કપ ઇન્ટરનેશનલ ફૂટબોલ સ્પર્ધા ૨૦૨૪નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા માટે નીચે દર્શાવેલ વયજુથ મુજબ આપની શાળાના ભાગ લેવા ઇચ્છતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી www.subrotocup.in વેબસાઇટ પર ફરજીયાત કરવાની રહેશે. આ સ્પર્ધા માટેના ઓનલાઈન કરેલ એન્ટ્રી પ્રવેશપત્ર અત્રેની કચેરીએ તા.૨૦/૦૪/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાનું રહેશે. એક શાળા માંથી એક વયજુથમાં એક જ એન્ટ્રી સ્વીકારવામાં આવશે.

નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ જે તે વયજુથમાં દર્શાવેલ કટ ઓફ ડેઈટ મુજબ ભાગ લેવાનો રહેશે.

| ક્રમ | વિભાગ | કોણ ભાગ લઈ શકશે | તારીખથી જન્મેલ |
|---|---|---|---|
| ૧ | અંડર-૧૫ સુબ્રટો ફુટબોલ સબ જુનિયર (ભાઇઓ) | ધોરણ બાદ નથી | ૦૧/૦૧/૨૦૧૦ |
| ૨ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર ફુટબોલ (ભાઇઓ) | ધોરણ બાદ નથી | ૦૧/૦૧/૨૦૦૮ |
| ૩ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર ફુટબોલ (બહેનો) | ધોરણ બાદ નથી | ૦૧/૦૧/૨૦૦૮ |

Scanned with OKEN Scanner

## વડોદરા શહેર જિલ્લાકક્ષા સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વિભાગ | તારીખ | સ્થળ | સ્પર્ધા કન્વીનરશ્રી નું નામ |
|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૫ સુબ્રટો ફુટબોલ સબ જુનિયર (ભાઇઓ) | ૨૪-૦૪-૨૦૨૪ | માંજલપુર સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષ,વડોદરા | પ્રયેશ ભટ્ટ ૯૮૭૯૩૦૫૭૩૩<br>એઝાઝ મિર્ઝા ૭૯૯૦૪૫૧૦૬૩ |
| ૨ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર (ભાઇઓ) | ૨૫-૦૪-૨૦૨૪ | | |
| ૩ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર (બહેનો) | ૨૬-૦૪-૨૦૨૪ | | |

## વડોદરા ગ્રામ્ય જિલ્લાકક્ષા સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વિભાગ | તારીખ | સ્થળ | સ્પર્ધા કન્વીનરશ્રી નું નામ |
|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૫ સુબ્રટો ફુટબોલ સબ જુનિયર (ભાઇઓ) | ૨૯-૦૪-૨૦૨૪ | વાઘોડીયા સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ, વડોદરા | દિપક સાંળુકે ૯૮૭૯૫૭૭૦૮૧ |
| ૨ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર (ભાઇઓ) | ૩૦-૦૪-૨૦૨૪ | | |
| ૩ | અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ જુનિયર (બહેનો) | ૨૬-૦૪-૨૦૨૪ | માંજલપુર સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ, વડોદરા | |

## રમત સ્પર્ધાના સામાન્ય નિયમો

[૧] કોઈપણ ખેલાડી એક વયજુથમાં ભાગ લઈ શકશે. ઓનલાઈન એન્ટ્રી કરેલ હશે તે શાળા/ખેલાડી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

[૨] એન્ટ્રીમાં શાળા/સંસ્થાના સંપર્ક નંબર અને વ્યાયામ શિક્ષકશ્રીનો મોબાઈલ નંબર ફરજિયાત લખવાનો રહેશે.સંજોગ વસાત કોઈપણ જાતનો ફેરફાર થશે તો આવેલ એન્ટ્રીમાં દર્શાવેલ સંપર્ક નંબર પર જાણ કરવામાં આવશે.

[૩] તમામ સ્પર્ધામાં જે તે શાળા ખેલાડીની પાસેથી વાલીનું સંમતિ પત્રક લઈ પોતાની શાળા રાખવું જેની ખાસ તકેદારી રાખવી.

[૪] જિલ્લાકક્ષાએ વિજેતા થનાર ટીમ જ રાજયકક્ષા સ્પર્ધામાં ભાગ લેવા જશે. ટીમ સિલેકશન કરવામાં આવશે નહીં.

[૫] બહેનોની ટીમમાં સંસ્થાએ ટીમની સાથે મેનેજર તરીકે બહેનને જ મોકલવાના રહેશે.

[૬] કોઈ કારણસર સ્પર્ધાના કાર્યક્રમમાં ફેરફાર થશે તો ટેલીફોનિક દ્વારા જાણ કરવામાં આવશે.

[૭] સ્પર્ધા ઓલ ઈન્ડીયા ફુટબોલ ફેડરેશન(AIFF) ના નિયમોનુસાર યોજાશે.

Scanned with OKEN Scanner

[૮] જે શાળા/સંસ્થાના વિજેતા જાહેર થાય તે ટીમ જ તથા ટીમ સાથે કોચ મેનેજર તરીકે શાળા/સંસ્થાના વ્યાયામ શિક્ષકને રાજયકક્ષાએ ટીમ લઈને ફરજીયાત જવાનું રહેશે.

[૯] ગેરવર્તુણક કે ગેરશિસ્ત આચરનાર ખેલાડી કે સંસ્થાને સ્પર્ધા માંથી બાકાત કરવામાં આવશે.

[૧૦] જો કોઈ ટીમ કે ખેલાડી સામે કોઈ વાંધો કે ફરીયાદ હોય ટો મેચ શરૂ થયાના 30 મીનીટમાં લેખિત અરજી સાથે રૂ. ૫૦૦ પ્રોટેસ્ટ ફી ભરી કન્વીનર અથવા જિલ્લા રમતગમત અધિકારીશ્રીને પ્રોટેસ્ટ નોધાવી શકાશે.

[૧૧] સ્પર્ધા સ્થળ પર રેફરીશ્રીનો નિર્ણય આખરી રહેશે. જેને પડકારી શકાશે નહીં.

[૧૨] સ્પર્ધા દરમિયાન કોઈપણ ઈજા થશે તો જે તે ખેલાડી/સંસ્થા જવાબદારી રહેશે. જેમાં આયોજકશ્રીની જવાબદારી રહેશે નહી.

જિલ્લા રમતગમત અધિકારી

વડોદરા શહેર/ગ્રામ્ય

બિડાણ:- ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના</u> –

૧. માન. ડાયરેકટર જનરલશ્રી,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.

૨. માન. કલેકટરશ્રી, વડોદરા જિલ્લો, વડોદરા.

૩. માન. સચિવશ્રી, રાજય રમતગમત પરીષદ,એસ.એ.જી., ગાંધીનગર.

૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા જિલ્લો વડોદરા. (તમામ શાળામાં જાણ કરવા વિનંતી)

૫. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરા. (તમામ શાળામાં જાણ કરવા વિનંતી)

૬. સંયુકત માહીતી નિયામકશ્રી, વડોદરા (તમામ અખબારોમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી)

૭. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા.

૮. પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘ મંડળ, વડોદરા જિલ્લા.

૯. પ્રમુખ/મંત્રીશ્રી, વડોદરા ડીસ્ટ્રીકટ ફુટબોલ એસોશીયેશન, વડોદરા.

Scanned with OKEN Scanner